Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# GST ની ભારત પર આર્થિક અસરો

- પ્રસ્તાવના :-

આઝાદી બાદ દેશના સૌથી મોટા કર સુધારાના રુપમાં જોવાઇ રહેલો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ થઇ રહ્યો છે. એ લાગુ થયા બાદ સામાન્ય માણસને અનેક પ્રકારના ટેક્સ આપવામાંથી રાહત મળશે. GST 1 લી એપ્રિલ 2016 થી અમલ કરવાની પ્રતિબધ્ધતા તથા કરવેરાનાં અસંખ્ય ઝગડા તરફ દોરી જતી કંપનીક્ષેત્રે માટેની કર માફી અને કન્સેશનની દરખાસ્તો તબક્કાવાર દુર કરવાનો નિર્ણય પાછળનો ઉદેશ એક પારદર્શી અને વધુ તર્કસંગત કરવેરાના માળખાને અમલમાં મુકવાનો છે. જી.એસ.ટી. માં ટેક્સ રેટ્સને પાંચ ભાગમાં જેમ કે 0%, 5%, 12%, 18%, અને 28% માં વિભાજીત કરવામાં આવ્યો છે.

- GST ના અમલનો ઇતિહાસ :-

વર્ષ 2000 માં જી.એસ.ટી.ના અમલ માટેની કાર્યવાહિ શરુ કરવામાં આવી હતી, અને અમલ માટે 17 વર્ષ લાગી ગયા.

→ વર્ષ 2000 માં અટલબિહારી વાજપેયીની સરકારનાં શાસન દરમ્યાન જી.એસ.ટી. પર ચર્ચાની શરુઆત થઇ હતી સરકારે અસીમ દાસગુપ્તાનાં નેતુત્વમાં એક સમીતી રચી હતી.

→ વર્ષ 2006-07 માં બજેટ ભાષણમાં પહેલી વખત નાણામંત્રીએ જી.એસ.ટી. રજુ કરવાનાં પ્રસ્તાવનો ઉલ્લેખ કર્યો હતો. તેમજ 2007 માં રાજ્યનાં નાણામંત્રીની સમીતીએ જી.એસ.ટી.નાં રોડ મેપ માટે કામગીરી શરુ કરી હતી. જોઇન્ટ વર્કિંગ ગ્રુપે 19 નવેમ્બર 2007માં મંત્રીઓની સમીતિએ પોતાનો રિપોર્ટ સોપ્યો હતો.

→ વર્ષ 2010-11 માં તત્કાલિન નાણામંત્રી પી.ચિદ્મ્બરમે પોતાના સંબોધનમાં જાહેરાત કરી હતી કે જી.એસ.ટી. એપ્રિલ 2011 થી સમીતિ બનશે, અને 22 માર્ચ 2011 નાં દિવસે લોકસભામાં 115 મું બંધારણીય સુધારા બિલ રજુ કરાયું, તેમા કેટ્લીક વિશષ ચીજો સિવાય બાકીની ચીજો ઉપર જી.એસ.ટી. લાગુ કરવાની જોગવાઈ હતી.

→ વર્ષ 2013-14 ઓગસ્ટમાં સ્ટેન્ડિંગ કમિટીએ જી.એસ.ટી. પર પોતાના રિપોર્ટ રજુ કર્યો. નવેમ્બરમાં આર્થિક બાબતોની સમીતિએ જી.એસ.ટી.માં પેટ્રોલિયમ પદાર્થને સામેલ કરવાનો પ્રસ્તાવ રદ કર્યો અને 18 ડિસેમ્બર 2014 નાં દિવસે નાણામંત્રી અરુણ જેટલીએ 122 મું બંધરણીય સુધારા બિલ લોકસભામાં રજુ કર્યુ હતું.

→ વર્ષ 2016-17 માં ઓગસ્ટની તીજીએ રાજ્યસભામાં બિલ રજુ કરાયું જ્યા તે પસાર થયું, તેમજ આજ માહિને જ આસામમાં જી.એસ.ટી. પસાર કરનારુ પહેલુ રાજ્ય બન્યુ. માર્ચ – એપ્રિલ 2017 માં લોકસભાએ જી.એસ.ટી. સાથે જોડાયલા ચાર બિલોને મંજુરી આપી દીધી, જી.એસ.ટી. કાઉન્સિલની બેઠકમાં ટેક્સનાં દર 5%, 12%, 18%, અને 28% રખાયા હતા, 20 જુને નાણામંત્રી અરુનજેટલીએ જાહેરાત કરી કે આઝાદીની રાત્રીની જેમ જ 30 જુનની રાત્રે જી.એસ.ટી. નો અમલ શરુ કરાશે.

- **આર્થિક વિકાસ પર અસર :-**

  (A) **GDP :-** જી.એસ.ટી. થી સરેરાસ ઘરેલુ ઉત્પાદન (GDP)નું કદ વધશે. હાલમાં દેશનો જી.ડી.પી 7.1 % છે. જી.એસ.ટી.ના અમલ બાદ લાંબાગાળે જી.ડી.પી 8 % થી પણ ઉચે જાય એવી આશા છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ રિસર્ચના એક રિપોર્ટ મુજબ જી.એસ.ટી. લાગુ થતા દેશમાં 1 થી 1.75 ટકાનો વધારો થઇ શકે છે.

  (B) **વિકાસ દર :-** છેલ્લા ત્રણ વર્ષથી ભારત સૌથી ઝડપથી આગળ વધતું અર્થતંત્ર છે. ભારત માટે 7 થી 8 ટકા નો આર્થિક વૃધ્ધિદર હાસલ કરવો પુર્ણત: શક્ય છે. જો દુનિયાના દેશોમાં સારી વૃધ્ધિ થાય તો આપણે પણ વધુ ઝડપથી આગળ વધી શકીએ છીએ. આશા છે કે દેશનો વિકાસ દર 10 ટકા સુધી પહોચી શકે છે.

  (C)**રોજગારી :-** જી.એસ.ટી થી દેશમાં મોટા પાયે નવા રોજગાર પેદા થશે એમ મનાય છે કે લગભગ 1 લાખ નોકરીઓ તો તત્કાળ પેદા થશે. તેમા ટેક્સ, એકાઉન્ટિંગ અને ડેટા એનાલિસિસના ક્ષેત્રમાં યોગ્યતા રાખતા લોકોની માંગ વધુ હશે. નોકરીઓમાં 10 થી 13 ટકા સુધીનો વધારો થવાની સંભાવના છે.

- **વેપારીઓ અને ગ્રાહકો પર અસર :-**

જી.એસ.ટીનો અમલ થાય એ બાદ વ્યાપારીઓ માટે સૌથી મોટો ફાયદો એ થશે કે તમને દેશભરમાં એક સરખો ટેક્સ ભરવો પડશે. હાલમાં એક રાજ્યથી બીજા રાજ્યમાં વેપાર કરનારા વેપારીઓએ કેટલાય પ્રકારના ટેક્સ આપવા પડે છે. જી.એસ.ટીનો સૌથી મોટો ફાયદો ઉપભોક્તાઓને થશે, જી.એસ.ટીનો અમલ થાય એ બાદ સર્વિસ કંઇક સસ્તી અને વધુ સુવિધાજનક થશે.

- **કરવેરા પધ્ધતિ ( ટેક્સ સિસ્ટમ ) :-**

જી.એસ.ટીનો અમલ થાય એ બાદ અપ્રત્યક્ષ કરોની સૌથી જટિલ કર પ્રણાલી દુનિયાની સૌથી સરળ કર પ્રણાલી બની જશે. એ સાથે જ ભારત દુનિયાનું સૌથી ઝડપથી વૃધ્ધિ કરનારુ અર્થતંત્ર બની જશે. આ ઉપરાંત આવકવેરા વિભાગને એટલો મજબુત બનાવશે કે ટેક્સ ચોરી કરવી મુશ્કેલ બનશે, તેનાથી કર વસુલ કરતા સમયે કર અધિકારીઓ દ્વારા હેરાફેરી કરવાની સભંવના પણ ઓછી થઇ જશે, એક વ્યક્તિ કે સંસ્થા પર કેટલીય વખત ટેક્સ ભરવાની જરુર રહેશે જ નહી, ફક્ત આ ટેક્સથી બધા જ ટેક્સ વસુલ થઇ જશે.
જી.એસ.ટીમાં ટેક્સ રેટસને પાંચ વિભાગમાં વિભાજીત કરેલ છે.

**(1) 0 % માં સમાવેશ ચીજવસ્તુઓ**

- દુધ, અનાજ, ચોખા, લોટ, ફળફળાદિ, શાકભાજી, ચા, કોફી, ખાંડ, રાયડાનુ તેલ, તાજુ માંસ, રેશમ અને બુટ.
- સિંધુર, બિંદી, સ્ટેમ્પ, જ્યુડિશિયલ પેપર, પ્રિન્ટેડ બુક, ન્યુઝપેપર, બંગડી, હેન્ડલુમ, ભારતીય મીઠાઇઓ.
- રેલવે સ્લીપર ટિકીટ, મેટ્રો ટિકીટ અને સિઝનલ પાસ, રુપિયા 1000 થી નીચે ચાર્જ લેતી હોટલો અને લોજ.

**(2) 5 % માં સમાવેશ ચીજવસ્તુઓ**

- ફાર્મા, માછલી, પેકેટ ફુડ, ક્રીમ, સ્કીમ્ડ મિલ્ક પાવડર, પનીર, ફ્રોઝન વેજિટેબલ, પિઝા બ્રેડ, સાબુદાના
- કોટન અને નેચરલ ફાઇબર
- રુપિયા 500 સુધીના પગરખા

- કોલસો, સ્ટેન્ટ, કેરોસીન

**(3) 12 % માં સમાવેશ ચીજવસ્તુઓ**

- આયુર્વેદિક હોમિયોપથી દવાઓ, ફ્રુડ જ્યુસ, માસ, માખણ, ચીઝ, એનીમલ ફેટ, સોસેજ અને નમકીન.
- માનવ સર્જિત ફાઇબર અને યાર્ન, રુપિયા 1000થી ઉપરના રેડિમેડ ગાર્મેન્ટ્સ
- ટુથપાવડર, અગરબતી, ક્લરિંગ બુક, પિક્ચર્બુક, છ્ત્રી, સીવવાનો સંચો, સેલ ફોન,
- રુપિયા 1000 થી 2500 ચાર્જ કરતી હોટલ, બિઝનેસ ક્લાસ એર ટિકિટ.

**(4) 18 % માં સમાવેશ ચીજવસ્તુઓ**

- સાબુ, હેરઓઇલ, શેમ્પુ, ટુથપેસ્ટ, તમામ એફએમસીજી સામગ્રી, મિનરલ વોટર, ટિસ્યુ, કવર, નોટ્બુક, સ્ટીલ પ્રોડક્સ, કેમેરા, સ્પીકર્સ, મોનીટર.
- એલપીજી સ્ટવ, ઇલેક્ટ્રોનિક રમકડા, પેસ્ટ્રી, બિસ્કીટ, કેક, પાસ્તા, આઇસ્ક્રીમ, સોપ્સ, રુપિયા 500 થી વધુ કિંમતના પગરખા, બ્રાન્ડેડ ગારમેન્ટસ, લિકર લાઇસન્સ ધરાવતી એસી રેસ્ટોરા.

**(5) 28 % માં સમાવેશ ચીજવસ્તુઓ**

- ટીવી, એસી, ફ્રીઝ, વોશિંગ મશીન, માઇક્રોવેવ ઓવન, સિમેન્ટ, પરફ્યુમ, રીવોલ્વર, પિસ્તોલ.
- ચોકલેટ, ચુંઇગમ, વેફર, સોફ્ટડ્રિક, અરેટેડ બેવરેજિસ, તમાકુ, પાનમસાલા (28 % + સેસ).
- નાની પેટ્રોલ કાર(28 % +1 % સેસ), નાની ડિઝલ કાર(28 % +5 % સેસ), સિગારેટ (28 % +5 % સેસ), લક્ઝરી કાર (28 % +15 % સેસ), રેસ ક્લબ, ગેમ્બલિંગ, પંચતાર હોટલ.

- **જી.એસ.ટી ની અન્ય અસરો :-**

- બેન્કિંગ, ઇન્સ્યોરન્સ અને રિયલ એસ્ટેટ, મ્યુચ્યુઅલ ફન્ડ્સ ઇન્વેસ્ટ્મેન્ટ પરના દર 18 ટકા થઇ જશે.
- ટર્મ ઇન્સ્યોરન્સ પ્લાન્સ, યુલિપ અને ભવિષ્ય નિધી આ ત્રણ પર 15 ટકાની જગ્યાએ 18 ટકા જીએસટી આપવો પડશે.
- જી.એસ.ટીનો અમલ થાય બાદ ક્રેડિટ બિલ અને બેન્કિંગ ટ્રાન્ઝેકશન પર લાગનારા સર્વિસ ટેક્સ પણ મોઘા થશે. હાલમાં 15 ટકાના દરે સર્વિસ ટેક્સ લાગવામાં આવે છે તે વધીને 18 ટકા જીએસટી આપવો પડશે. મોબાઇલ બિલનું પેમેન્ટ મોઘુ થશે. જે 15 ટકાની જગ્યાએ 18 ટકા જીએસટી આપવો પડશે.
- રેલ પ્રવાસીઓને એસી અને ફર્સ્ટ ક્લાસ પર ટેક્સ 4.5 ટકાથી વધીને 5 ટકા કરી દેવામાં આવ્યો છે.

- **ઉપસંહાર :-**

જી.એસ.ટી કરવેરાનાં ક્ષેત્રે એક સીમાચિહનરુપ સુધારાનું પગલું છે, જે વ્યાપાર-ઉધોગ માટે મૈત્રીપુર્ણ ગણવાય છે. જી.એસ.ટી હેઠળ કેન્દ્ર તથા રાજ્યોની સપાટીએ હાલમાં લેવાતા શ્રેણીબધ્ધ પરોક્ષ વેરાને આવરી લેવાશે. આમા જકાત, સેવા કર, વેટ, એન્ટ્રી ટેક્ષ, વૈભવી અને મનોરંજન વેરા અને ઉપકર તથા ગુડ્ઝ અને સર્વિસીસ સાથે સંબંધિત કરવેરાના કાયદાના વધુ સારા પાલનમાં મદદરુપ થશે અને કરવેરાનાં આધાર બેઝને વિસ્તારશે. અનેકવિધ કરવેરાને કારણે જે છટ્કબારીઓ ઉભી થાય છે અને બંધ કરવામાં જી.એસ.ટીનાં અમલને પરિણામે કુલ ઘરેલુ પેદાશ જી.ડી.પીમાં 1 થી 2 ટકાની વુધ્ધિ થશે. આ ઉપરાત જી.એસ.ટીના તમામ પગલાંનો

ઉદેશ વિલંબકારી કર્યપધ્ધતિ સુધારવાનો, વિલંભ ઘટાડવાનો, કરવેરાના અમલને સુધારવાનો અને વિવાદોના ઝડપી ઉકેલમાં સહાયક બનાવવાનો છે.

## સંદર્ભસુચિ


I. India's Trade Policy Review by the WTO " Retrieved – 13-03-2009
II. www.gst.nic.in.govt. of India.
III. www.gst.org.
IV. www. Wikipedia.com
V. સંદેશ સમાચાર પત્ર. તા.15,21,23,30-06-2017
VI. યોજના – જુન 2015


**********************************************************************


**Dr. L. P. Parmar**
Assistant professor
Economics Department
Navjivan Arts and Commerce College


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat